# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

<u>અખબારી યાદી</u>  તા. ૨૧/૦૪/૨૦૨૨

કેન્દ્ર તથા રાજ્યની ભાજપ સરકારની પ્રજા વિરોધી નીતિ અને સરમુખત્યારશાહી વલણને લીધે રાજ્યની પ્રજા ત્રસ્ત બનેલી છે. પ્રજા વીજળી, મોઘવારી, સરકારી નોકરીઓમાં વારંવાર ગેરરીતી, પેપર લીક કાંડ સહિત અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલાં છે જયારે બીજી બાજુ, સરકારના પ્રજા વિરોધી નિર્ણયો સામે વિરોધ વ્યક્ત કરવાની પ્રજાની મૂળભૂત સ્વતંત્રતા ઉપર પણ કાપ મૂકવામાં આવ્યો છે અને કેન્દ્ર અને રાજ્ય સરકારે વિરોધ વ્યક્ત કરનારાઓ સામે પણ પ્રતિબંધક કાનૂની જોગવાઈઓનો બેફામ દુરુપયોગ કરવાનું વલણ અપનાવ્યું હોવાથી પ્રજામાં ભય અને દહેશતનું વાતાવરણ પેદા થયું છે. આવી જ કાનૂની જોગવાઈનો દુરુપયોગ કરીને વડગામના ધારાસભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણીની તદન વાહિયાત કારણોસર ધરપકડ કરીને ભાજપ સરકારે બ્રિટિશ રાજ્યની યાદ તાજી કરી છે. ત્યારે હંમેશની જેમ સત્ય અને પ્રજાને પડખે રહેવાની નીતિ અને વલણ ધરાવતો કોંગ્રેસ પક્ષ આવા સરકારના જન વિરોધી નિર્ણયો સામે પ્રજાનો અવાજ બુલંદ કરવાના પ્રયાસને ઉજાગર કરે છે.

ભાજપ સરકારની જનવિરોધી નીતિ અંગે કોંગ્રેસ પક્ષ દ્વારા આવતીકાલે વિધાનસભા કોંગ્રેસ પક્ષની અગત્યની બેઠક તા. ૨૨/૦૪/૨૦૨૨ શુક્રવારે બપોરે ૧-૦૦ કલાકે યોજાશે, તા. ૨૩/૦૪/૨૦૨૨ના રોજ શનિવારે મહામહિમ રાજયપાલશ્રીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી સુખરામ રાઠવા સહિતના કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનોનું પ્રતિનિધિ મંડળ રૂબરૂ મળીને તાજેતરમાં બનેલી ઘટનાઓ અંગે અને બહુમતીના જોરે ભાજપ સરકારના ગેરબંધારણીય પગલાઓ અંગે રજૂઆત કરશે. તા. ૨૫/૦૪/૨૦૨૨ના રોજ સોમવારે રાજ્યના ૩૩ જીલ્લા ૮ મહાનગર પાલિકાઓમાં "લોકશાહી બચાવો, સંવિધાન બચાવો" ધરણાના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે. સરકારના ગેરબંધારણીય પગલાં, લોકતંત્રની હત્યા સહિત તાજેતરની ઘટનાઓને પણ ધરણા-પ્રદર્શન દ્વારા ઉજાગર કરાશે.

ડૉ. મનીષ દોશી
મુખ્ય પ્રવક્તા